# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ ૨૫૫૦ ❖ મહા પૂર્ણિમા ❖ ૨ ફેબ્રુઆરી, ૨૦૦૭ ❖ વર્ષ - ૭ ❖ અંક - ૧૧ ❖ સળંગ અંક - ૮૩

## ધમ્મવાણી

एकं धम्मं अतीतस्स, मुसावादिस्स जन्तुनो ।
वितिण्ण परलोकस्स, नत्थि पापं अकारियं ॥
धम्मपद – १७६

એક ધર્મ (સત્ય)નું અતિક્રમણ કરીને જે જૂઠું બોલે છે, એ, પરલોકની ચિંતા ન કરવાવાળી વ્યક્તિને માટે કોઇ પાપ એવું નથી રહેતું, જે એ ન કરી શકે.

## શીલની પરિશુધ્ધતા

(ઝી-ટીવી પર ચુંમાળીસ કડીઓમાં પ્રસારિત પૂજ્ય ગુરુજી શ્રી સત્યનારાયણજી ગોયન્કાનાં પ્રવચનોની દસમી કડી)

શીલ, સમાધિ, પ્રજ્ઞા ; શીલ, સમાધિ, પ્રજ્ઞા આમાં આખો ધર્મ સમાઇ ગયો. ધર્મની પરિભાષા પૂર્ણતઃ સમાઇ ગઈ. ધર્મની પરિશુધ્ધતા સમાઇ ગઈ. શીલનું પાલન કરીએ, એટલે કે સદાચારનું જીવન જીવીએ અને સદાચારનું જીવન જીવવાને માટે સમાધિનો અભ્યાસ કરીએ એટલે કે મનના માલિક બની જવાનો અભ્યાસ કરીએ અને એટલું જ નહિ, અંતર્મનના ઊંડાણમાં જે વિકારોનો સંચય કરી રાખ્યો છે એને બહાર કાઢી નાખીએ, જેથી સ્વાભાવિક જ, વિના પ્રયત્ને, જબરદસ્તી વિના સદાચાર જીવનનું અંગ બની જાય. ચિત્ત નિર્મળ બની જાય. પોતાના ભીતરમાં એવી પ્રજ્ઞા જગાવીએ કે, બધા વિકારોને કાઢીને ફેંકી દે. સદાચારનું જીવન જીવવું, મનને વશમાં કરવું, મનને નિતાંત નિર્મળ કરવું, આ કોઇ એક સંપ્રદાયનો ધર્મ નથી, કોઇ એક સમુદાયનો ધર્મ નથી. કોઇ એક જાતિ-વર્ણ-ગોત્રનો ધર્મ નથી. અરે, બધાનો ધર્મ છે. આ જ તો ધર્મ છે. કોઇ પણ પરંપરાની વ્યક્તિ હોય, એની સાથે ધર્મની વાત કરીએ, પૂછીએ - ''તું સદાચારના જીવનને સારું માને છે કે નહીં ? તું ચિત્તને નિતાંત નિર્મળ કરી દેનારી કોઇ વિદ્યાના ઉપયોગને સારો માને છે કે નહીં ?'' કોણ ના કહેશે ? બધાં સ્વીકાર કરશે. આ અભિન્ન છે, બધાનો(ધર્મ) છે.

તો જે બધાનો છે તે ધર્મ છે. કોઇ પોતાને ભલે ગમે તે નામે બોલાવે, કશો ફરક નથી પડતો. શીલવાન બને સમાધિવાન બને. પ્રજ્ઞાવાન બને, તો ધાર્મિક થઇ ગયો. હિન્દુ હોય તો સારો હિન્દુ થઇ ગયો. બૌધ્ધ હોય તો સારો બૌધ્ધ થઇ ગયો. જૈન હોય તો સારો જૈન થઇ ગયો. ખ્રિસ્તી હોય તો સારો ખ્રિસ્તી થઇ ગયો. મુસલમાન હોય તો સારો મુસલમાન થઇ ગયો. પારસી હોય તો સારો પારસી થઇ ગયો. યહૂદી હોય તો સારો યહૂદી થઇ ગયો. અરે, સારો માણસ બની તો ગયો ને ! ધર્મ આપણને સારા માણસ બનાવે છે, નેક ઈન્સાન બનાવે છે.પછી ભલે જે નામે આપણને બોલાવીએ, આ નામોમાં શું છે ? ધર્મ જીવનમાં ઊતરે, શીલ, સમાધિ, પ્રજ્ઞા જીવનમાં ઊતરે. આ જ શીલને, સમાધિને, પ્રજ્ઞાને જરા વધુ વિવરણ સાથે સમજાવ્યાં અને જે આ આખો માર્ગ-જેના પર ચાલીને કોઇ વ્યક્તિ શીલમાં પુષ્ટ થાય છે, સમાધિમાં પુષ્ટ થાય છે. પ્રજ્ઞામાં પુષ્ટ થાય છે એને એ દિવસોની ભાષામાં કહેતા - अरियो अट्ठङ्गिको मग्गो. अरियो એટલે આર્ય, अट्ठङ्गिको मग्गो એટલે આઠ અંગ વાળો માર્ગ. આર્ય આષ્ટાંગિક માર્ગ.

'આર્ય' શું હોય છે ? ૨૫૦૦ વર્ષ બહુ લાંબો સમય હોય છે. ૨૫૦૦ વર્ષમાં ભાષા બદલાઇ જાય છે, ભાષાના શબ્દ બદલાઇ જાય છે. આજે તો આર્ય જાતિવાચક શબ્દ થઇ ગયો. એ દિવસોની ભારતની ભાષામાં આ જાતિવાચક નહિ, ગુણવાચક શબ્દ હતો. કોને 'આર્ય' કહેતા ? જે સંત થઇ ગયો, નિર્મળચિત્ત થઇ ગયો, શુધ્ધ-ચિત્ત થઇ ગયો, સજ્જન થઇ ગયો, સત્પુરૂષ થઇ ગયો - આવી વ્યક્તિ આર્ય કહેવાતી. ધર્મને રસ્તે ચાલતાં ચાલતાં શીલમાં, સમાધિમાં, પ્રજ્ઞામાં એટલી પુષ્ટ થઇ ગઇ કે ચિત્ત નિતાંત નિર્મળ થયું અને જીવન ધર્મમય થઇ ગયું. આવી વ્યક્તિ કોઇ બુરું કામ કરી જ નથી શકતી. એવું કોઇ કામ કરી જ નથી શકતી જેથી અન્ય પ્રાણીઓની સુખ-શાંતિનો ભંગ થાય, અન્ય પ્રાણીઓનું અહિત થાય, અમંગલ થાય. એવું કામ કરી જ નથી શકતી. હવે જે કરશે(તે) પોતાના તથા બીજાના કામ જ કરશે, કલ્યાણને કલ્યાણનું જ કામ કરશે. આવી વ્યક્તિ 'આર્ય' કહેવાશે.

આજે એને જાતિવાચક અર્થમાં લે છે. અને એનો અર્થ કરે છે તો આર્ય એને કહે છે જે ગોરા-ઊજળા રંગનો હોય, જેનું લાંબુ નાક હોય, મોટી મોટી આંખો હોય, લાંબો માણસ હોય - તો આર્ય જાતિનો છે. કોઇ કાળા રંગનો હોય, વાંકડિયા વાળ હોય, મોટા હોઠ હોય તો કહે - આ હબસી જાતિનો છે. કોઇનો રંગ પીળો હોય, આંખો ઝીણી ઝીણી, નાક ચિબું હોય તો કહે - આ મોંગોલિયન જાતિનો છે. તો આ આર્ય શબ્દ આજે જાતિવાચક થઇ ગયો. એ દિવસોની ભાષામાં આની સાથે કોઇ લેવા-દેવા નહોતી. કોઇ ગોરા રંગનો હોય કે કાળા રંગનો, લાંબા નાકવાળો હોય કે ચિબા નાકવાળો, મોટી આંખોવાળો હોય કે ઝીણી આંખો વાળો, કોઇ ફરક નથી પડતો.

જે વ્યક્તિ ધર્મને રસ્તે ચાલતાં ચાલતાં શીલ, સમાધિ, પ્રજ્ઞામાં પુષ્ટ થઇ ગઇ, નિર્મલ-ચિત્ત થઇ ગઇ, સંત થઇ ગઇ તે જ આર્ય થઇ ગઇ. અને જો એવી ન થઇ, ખોટા રસ્તે ચાલી રહી છે, ધર્મના રસ્તે નથી ચાલી રહી, પોતાનું પણ અમંગલ કરે છે બીજાનું પણ અમંગલ કરે છે - અરે એ અનાર્ય જ છે. ભલે એનો રંગ ગોરો હોય, ભલે એનું નાક લાંબું હોય, ભલે એની આંખો મોટી હોય, કોઇ ફરક નથી પડતો. એ અનાર્ય જ છે. એ દિવસોની ભાષામાં કહેવાતું - हीनो गम्मो पोथुज्जनिको, अनरियो अनत्थसंहितो – બહુ હીન છે, નકામો(ગામનો ઉતાર) છે, બહુ ગમાર છે, બહુ પૃથક્જન છે પૃથક્ પડી ગયો - ધર્મના રાજમાર્ગને છોડીને અંધારી ગલીઓમાં ભટકવા લાગ્યો. પૃથક્ થઇ ગયો. ધર્મથી अनत्थसंहितो – અનર્થને અનર્થનો જ સંગ્રહ કરે છે. પોતાને માટે પણ અનર્થને અનર્થ જ, બીજાને માટે પણ અનર્થને અનર્થ જ - આવી વ્યક્તિ એ દિવસોની ભાષામાં अनरियो કહેવાતી. પાછલાં ૨૫૦૦ વર્ષોમાં આ अनरियो શબ્દનો અપભ્રંશ થતાં થતાં આજની હિન્દીમાં એ अनाडी થઇ ગયો.

અરે, अनाडी જ છે ભાઇ ! જે પોતાનું પણ અમંગલ કરે છે, બીજાનું પણ અમંગલ કરે છે. પોતાની સુખ-શાંતિનો પણ ભંગ કરે છે, બીજાની સુખ-શાંતિનો પણ ભંગ કરે છે. બિચારાને સમજ નથી, બહુ અણસમજુ છે, તો अनाडी જ છે. अनाडी ન રહે, હોશ આવી જાય, સમજદાર થઇ જાય તો ધર્મના રસ્તે ચાલતાં ચાલતાં પોતાનું પણ કલ્યાણ સાધવા લાગે, બીજાનું

પણ કલ્યાણ સાધવા લાગે. પોતાને માટે પણ સુખ-શાંતિનું નિર્માણ કરવા લાગે, બીજાને માટે પણ સુખ-શાંતિનું નિર્માણ કરવા લાગે - ત્યારે આર્ય બનવાના રસ્તા પર ચાલી નીકળ્યો. આ માર્ગ જે દરેક અનાર્યને આર્ય બનાવી દે - એટલે આર્યમાર્ગ કહેવાયો, આર્યધર્મ કહેવાયો. આ આઠ અંગોવાળો છે કે જે શીલ, સમાધિ, પ્રજ્ઞા આ ત્રણ ભાગોમાં વહેંચાયેલો છે. 'શીલ' ની અંતર્ગત આ આર્યમાર્ગના ત્રણ હિસ્સા આવ્યા - सम्मावाचा, सम्माकम्मन्तो, सम्माआजीवो.

सम्मावाचा એટલે સમ્યક્ વચન. સમ્યક્ એટલે જે સાચું છે, સત્ય છે, કલ્યાણકારી છે અને જે સ્વયં પોતાના અનુભવ પર ઊતર્યું છે. ધર્મ બહુ જ કલ્યાણકારી છે, પણ એવું પુસ્તકો કહે છે, અમારા ગુરુ મહારાજ કહે છે, અથવા વાણીમાં સાંભળ્યું છે, આ કે પેલા પુસ્તકમાં વાંચ્યું છે, પણ જીવનમાં તો ન ઊતર્યું ને ! તો સમ્યક્ ન થયું, વાણી સાચી છે, સ્વયં પોતાની અનુભૂતિ પર ઊતરી રહી છે - સાચેસાચ જીવનમાં ઊતરી રહી છે, ત્યારે વાણી સમ્યક્ થઈ.

શી સમ્યક્ વાણી ? એ વાણી જેનાથી આપણે કોઈ પણ અન્ય વ્યક્તિની હાનિ નહિ કરીએ. કોઈ અન્ય વ્યક્તિની સુખ-શાંતિનો ભંગ નહિ કરીએ. એક જ માપદંડ. ધર્મનો એક જ માપદંડ, આપણે જૂઠું બોલીને કોઈને ઠગવાનું કામ નહિ કરીએ. આપણે કોઈ કડવી વાત બોલીને કોઈનું મન દુઃખાવવાનું કામ નહિ કરીએ. પરનિંદાની વાત, ચુગલીની વાત, લોકોને પરસ્પર લડાવી દેવાની વાત કહીને આપણે કોઈની હાનિ નહિ કરીએ. બસ, આનાથી બચીએ તો વાણી સમ્યક્ ને સમ્યક્ જ, શુદ્ધને શુદ્ધ જ. અને પછી તપાસતો રહે કે એવી વાણી મારા જીવનમાં ઊતરી રહી છે ને ! હું સાચેસાચ सम्मावाचा, સમ્યક્ વાણીનું પાલન કરી રહ્યો છું ને ! ત્યારે સમ્યક્, અન્યથા પાછી પોથીઓવાળી, પાછી ગુરુ મહારાજ વાળી નકામી વાત થઈ ગઈ. જ્યાં સુધી આપણા જીવનમાં ન ઊતરી, આપણને એનો લાભ ન મળ્યો, ત્યાં સુધી सम्मावाचा ન થઈ.

सम्माकम्मन्तो એટલે સમ્યક્ કર્માન્ત. કોને કર્માંત કહીએ ? હરેક કર્મ પહેલા મનમાં જાગે છે, આગળ વધે છે તો વાણી પર ઊતરે છે અને વધુ આગળ વધે છે તો શરીર પર ઊતરે છે. એ શરીર પર ઊતરે છે ત્યારે કર્મોનો અંત. એટલે શારીરિક કર્મને કર્માંત કહ્યું. તો, એ પણ સમ્યક્ હોય, સાચું હોય, ઠીક હોય. એવું ન હોય જેથી બીજાંની હાનિ થતી હોય, બીજાંની સુખ-શાંતિ ભંગ થતી હોય, બીજાંનું અમંગલ થતું હોય. આવું ન થવું જોઈએ અને વળી એવું ન થયું. એ પોતાના જીવનમાં પણ ઊતરે. એ સમ્યક્ કર્માંત પોતાની અનુભૂતિમાં પણ ઊતરે. જો હું સમ્યક્ કર્માંતનું જીવન જીવી રહ્યો છું ! એટલે, હું હત્યા નથી કરતો, હું ચોરી નથી કરતો, હું વ્યભિચાર નથી કરતો, હું કોઈ નશીલા પદાર્થનું સેવન નથી કરતો. આમ પોતાના અનુભવમાં જોઈ રહ્યો છે. નથી કરતો, બિલકુલ નથી કરતો, તો સમ્યક્ થયું. ધારણ કરવા લાગ્યો. સાચું છે અને સ્વયં ધારણ કર્યું છે તો સમ્યક્ કર્માંત થઈ ગયું.

શીલનું ત્રીજું અંગ सम्माआजीवो. હરેક વ્યક્તિની કોઈને કોઈ આજીવિકા હોય છે. જે ગૃહસ્થ છે એમણે તો પોતાની આજીવિકાના આધાર પર જ જીવવાનું હોય છે અને જે ગૃહત્યાગી છે એમની પણ આજીવિકા છે. ક્યાંકને ક્યાંકથી ભરણ-પોષણને માટે અન્ન-વસ્ત્ર મળે છે. તો કયા પ્રકારે મળે છે ? કોઈને દગો દઈને તો નથી લેતા ને ? કોઈને ભ્રાંતિમાં નાંખીને તો નથી લેતા ને ? એમણે (ગૃહત્યાગીએ) પોતાની વાત જોવાની છે. ગૃહસ્થોએ પોતાની વાત જોવાની છે કે મારી જે આજીવિકા છે, જે રસ્તેથી મારા ઘરમાં ધન આવે છે, જે કામથી રોજીથી, ધંધાથી, વ્યવસાયથી મારા ઘરમાં ધન આવે છે એ કેવું છે ? શું એનાથી અન્ય પ્રાણીઓની હાનિ થાય છે ? અન્ય પ્રાણીઓનું અમંગલ થાય છે ? અન્ય પ્રાણીઓની સુખ-શાંતિ ભંગ થાય છે ? શું હું એવું કામ તો નથી કરવા લાગ્યોને કે જેને લીધે અન્ય પ્રાણી ખોટે રસ્તે ચાલ્યાં જાય ; એઓ સદાચારનું જીવન ન જીવે, દુરાચારના જીવનમાં પડી જાય ? તો નહિ, એવી આજીવિકા મારા કામની નથી. ભલે મને પોતાને અંધારામાં રાખું કે હું તો કોઈ હત્યા નથી કરતો ઠીક વાત છે. તું હત્યા નથી કરતો પણ ધંધો કેવો કરે છે ? શો રોજગાર છે તારો ? જો હું બંદૂકોનો ધંધો કરતો હોઉં, ક્યાંક - ક્યાંકથી તસ્કરી(ચોરી) કરીને એ.કે. ૪૭ મગાવી લેતો હોઉં, લોકોમાં વહેંચતો હોઉં, કરે ને મારવાનું કામ તેઓ કરે, આપણે થોડા જ કરીએ છીએ ! લોકોને હથિયાર વેચું છું, દારૂગોળો વેચું છું અને કહું છું, હું તો બહુ ધર્મવાન છું ! અરે, નહિ, તારી આજીવિકા ગંદી છે ને ! તું લોકોને શીલ - સદાચારનું જીવન જીવવામાં બાધક બની રહ્યો છે. એમને પોતાનું શીલ ભંગ કરવામાં તું સહાયક બની રહ્યો છે ? ખોટી આજીવિકા થઈ.

એક વ્યક્તિ કહે, ''હું તો હત્યા નથી કરતો, કોઈ પશુની હત્યા નથી કરતો પણ ગાય પાળું છું, ઘેંટા-બકરાં પાળું છું અને એને ખૂબ સારું ખવડાવી પીવડાવીને તાજાં-માજાં કરું છું અને કસાઈને વેચી દઉં છું. સારી કિંમત મળે છે તો હું શું કરું ?'' અરે, ક્યાં સારી આજીવિકા થઈ રે !? હું કોઈ નશાનું સેવન કરતો નથી પણ નશાનો ધંધો કરું છું, શરાબનો ધંધો કરું છું, અફીણનો ધંધો કરું છું, ગાંજાનો ધંધો કરું છું. જે મારી પાસેથી લઈ જાય એ પોતાનું શીલ ભંગ કરે. અરે, તો કેવી આજીવિકા થઈ રે ?? હું વિષનો ધંધો કરું છું, જે લઈ જાય, (એ) કોકને મારે તો, પોતાને તપાસીને જોઈએ કે જે ધંધાથી, વ્યવસાયથી, રોજગારીથી મારા ઘરમાં ધન આવી રહ્યું છે એ બીજા લોકોને ખોટે રસ્તે જવામાં ક્યાંક સહાયક તો નથી બની રહ્યું ? બની રહ્યું હોય તો આજીવિકા સમ્યક્ નથી. બિલકુલ નથી.

ઘણી આજીવિકા ઉપર - ઉપરથી જોતાં એવું લાગે છે કે બહુ સમ્યક્ છે અને સાચેસાચ સમ્યક્ છે, પણ એની સાથોસાથ એક વાત એ પણ જોવાની હોય છે કે એ આજીવિકાનું કામ કરનાર એ વ્યવસાયનું કામ કરનાર, એ રોજીનું કામ કરનારના ચિત્તની ચેતના કેવી છે ? જો એના ચિત્તની ચેતના દૂષિત હોય તો, કરેલું કામ પણ ઉપર ઉપરથી એમ લાગે કે આ કામ બહુ સારું છે, પણ દૂષિત થઈ જશે, સમ્યક્ નહિ રહે. આજીવિકાની પાછળ ચિત્તની ચેતના કેવી છે ?

મારા જીવનની એક ઘટના : લગભગ ૪૦-૪૫ વર્ષ થયાં હશે, એ દિવસોની વાત છે. જ્યારે શુદ્ધ ધર્મ શું હોય છે એનું નામ પણ નહોતું સાંભળ્યું. અંતર્મુખ થઈને પોતાની જાતને જોવાની વિદ્યા જ કદી નહોતી શીખી. ઘરમાં કોઈ બિમાર પડ્યું. અમારા જે ફેમિલી ડોક્ટર હતા એ ક્યાંક રજા પર ગયા હતા તો કોઈ બીજા ડોક્ટરને બોલાવવા ગયો. જાણતો હતો કે એ (ડોક્ટર) બહુ વ્યસ્ત છે. કદાચ ઘરે ન આવે. પણ સંયોગ એવો થયો કે જ્યારે એને ત્યાં ગયો તો એ બેઠા બેઠા માખી મારતા હતા, એની પાસે કોઈ દર્દી નહીં, કોઈ રોગી નહીં. તો એમ જ ઉત્સુકતાવશ પૂછી લીધું - ડોક્ટર સાહેબ, આપને ત્યાં તો રોજ બહુ ભીડ રહે છે. શી વાત છે આજે, કોઈ રોગી નથી ? તો બહુ ઉદાસ ચહેરે કહે છે - ભાઈ, શું કરીએ આ મોસમમાં તો શહેરમાં કોઈને કોઈ બિમારી ફેલાય જ છે. આ સાલ શું થઈ ગયું, ખબર નહીં. કોઈ બિમારી ફેલાઈ જ નહીં. આ સાંભળીને મારા મોંમાં જાણે કડવાશ આવી ગઈ. અરે આ ડોક્ટર જે ઇચ્છે છે કે અધિકને અધિક લોકો બિમાર થાય, કેવો ડોક્ટર છે ? લોકોનું ખરાબ ઇચ્છે છે ? ખૂબ ખરાબ લાગ્યું.

સમય જતાં આ કલ્યાણકારી વિદ્યા મળી. શુદ્ધ ધર્મ મળ્યો. પહેલાં તો ધર્મના નામે એવા પાખંડોમાં પડ્યા હતા. ધારણ કરવો તો દૂર, ધર્મ શું હોય છે એ સમજ્યા જ નહોતા. જ્યારે શુદ્ધ ધર્મ મળ્યો અને ભીતર જોવા લાગ્યો ત્યારે પોતાના બારામાં પણ સચ્ચાઈઓ ઊભરી ઊભરીને સામે આવવા લાગી. હું એ સમયે એક વ્યાપારી હતો. વ્યાપારીના ઘરમાં જન્મ્યો, વ્યાપારનો વ્યવસાય કરી રહ્યો હતો તો વ્યાપારીઓની મનોવૃત્તિને ખૂબ સમજું છું, આજે પણ સમજું છું. ક્યાંક કોઈ યુદ્ધ છેડાયું, કોઈ વિશ્વયુદ્ધ છેડાયું અથવા ક્યાંક દુષ્કાળ પડી ગયો અને કન્ઝ્યુમર આઈટમની તંગી પડી ગઈ, ભાવ વધવા લાગ્યા. ભાવ વધવા લાગ્યા તો વ્યાપારી પોતાની ભાષામાં શું કહે છે - અરે, બજાર સુધરી રહી છે. એને માટે તો બજાર સુધરી રહી છે. લોકોને તકલીફ થઈ રહી છે એ વાતનું ચિંતન નથી. મારા ઘરમાં બહુ પૈસા આવી રહ્યા છે ને ! તો બજાર સુધરી રહી છે. બધી લડાઈઓ બંધ થઈ ગઈ. હવે દુષ્કાળ નથી, સુકાળ છે ; ખૂબ ઉપજ થઈ છે તો કન્ઝ્યુમર ગુડ્ઝના ભાવ ગગડવા લાગ્યા. ભાવ ગગડવા લાગ્યા તો ઉદાસ મનથી વ્યાપારી કહે - અરે, બજાર ચોપટ થઈ ગઈ, આવી મનોવૃત્તિ છે.

વ્યાપાર કરવો કોઈ ખરાબ વાત નથી. દરેક ગ્રાહક પોતાની આવશ્યકતાની વસ્તુ ઉત્પાદક પાસે જઈને નથી ખરીદી શકતો. ઉત્પાદકે

ઉત્પન્ન કરેલી વસ્તુ ગ્રાહક સુધી પહોંચાડે, એ વ્યાપારીનું કામ છે. ખરાબ નથી. એ મહેનતને માટે પોતાનું મહેનતાણું લે છે.ઉચિત નફો લે છે. કોઇ ખરાબ વાત નથી. પણ ચિત્તની ચેતના; ચિત્તની ચેતના પ્રમુખ છે. એનાથી જ અંકાશે કે સાચેસાચ જીવનમાં શીલ ઊતરી રહ્યું છે કે નથી ઊતરી રહ્યું ? ઉપર ઉપરથી આપણી રોજી, આપણો વ્યવસાય ઠીક છે, છતાંય આપણે એનો સદુપયોગ નથી કરતાં. એને ખોટી રીતે કરી રહ્યા છીએ તો દૂષિત થવા લાગ્યો. દૂષિત થવા લાગ્યો તો આપણે સુશીલ થવાને બદલે દુઃશીલ થવા લાગ્યા. આમ, પોતાની જાતને તપાસતા રહીશું, ડગલેને પગલે તપાસતાં રહીશું.

૧૯૬૯ થી આ બે હજાર વર્ષોથી લુપ્ત થયેલી વિપશ્યના વિદ્યા ભારતમાં આવી. શિબિરો થવા લાગી, ધર્મની ગંગા છે. પ્રત્યેક સ્તરના લોકો આવે છે, બધા વ્યવસાયના લોકો આવે છે, હરેક સમાજના લોકો આવે છે, દરેક સંપ્રદાયના લોકો આવે છે આવવા જ જોઇએ. ધર્મની ગંગા છે ને ! જે આવે એની તૃષા છિપાવશે. તે એ વાત નહિ જુએ કે આ મારું જલ પીનારી વ્યકિત આ નામની છે કે પેલા નામની; આ ગોત્રની છે કે પેલા ગોત્રની; આ વર્ણની છે કે પેલા વર્ણની. જે પીએ એની તૃષા છિપે. તો લોકો આવે છે. વ્યાપારી વર્ગના પણ લોકો આવે છે. અને અમારી સામે પોતાની કઠણાઇઓ કહે છે - શું કરીએ, આખે આખા દેશની કેવી હાલત છે, શાસનતંત્રની શી હાલત છે. તમે કહો છો કે પ્રામાણિકતાથી વ્યાપાર કરો. કેમ કરીએ ? ઠેર ઠેર ભ્રષ્ટાચાર છે, કેમ કરીએ ?

જોઇએ છીએ અમે પણ, ખરેખર ખરાબ હાલ છે દેશના ! વ્યાપારી વર્ગ પણ દૂષિત છે. આ શાસન કરનારા અધિકારી પણ દૂષિત છે. આ રાજનેતા પણ દૂષિત છે. બધા નહિ પણ અધિકાંશ એવા છે તો શું કરવું ? ત્યારે એમને કેવળ એક વાત સમજાવીએ છીએ કે ગમે તેટલી લાંચ-રૂશ્વતની બદી હોય પણ એક કામ તો તમે કરી જ શકો છો - એ સમજીને રાખો કે તમારા ઘરમાં જે પૈસો આવે છે તે તમારા ગ્રાહકના ખિસ્સામાંથી આવે છે. તો ગ્રાહક તમારો અન્નદાતા છે. પોતાના અન્નદાતાને ભૂલથી પણ દગો ન દેશો. એને જે માલ દઈ રહ્યા છો એની ક્વોલિટી(ગુણવત્તા) માં, એની ક્વૉંટિટી(જથ્થો) માં એના માપમાં, એના તોલમાં કદી દગો ન દેશો. કદિ કોઈ ભેળસેળની ચીજ કોઇને ન દેશો. આ તો કરી શકો છો ને ? એટલા એટલા ધર્મવાન બનીએ. અરે, એક ડગલું તો ભર્યું ધર્મનું ! અને પછી ધન કમાઓ છો, ધન કમાવું એ કોઇ ખરાબ ચીજ નથી. ગૃહસ્થે હાથ ફેલાવીને માગવું એ ખરાબ વાત છે. જેમ કોઇ ગૃહત્યાગીનું ધનવાન થઇ જવું(એ) બૂરી વાત છે એવી રીતે કોઇ ગૃહસ્થનું કંગાળ થઇ જવું ખરાબ વાત છે. પોતાના પરિશ્રમથી, પોતાની પ્રામાણિકતાથી ધન કમાય. પણ ધન આવશે ને અહંકાર જાગશે. હું કમાયો. જો, હું કેટલો હોંશિયાર અને હું મોટો ધર્મવાન ! તો અહંકાર આવશે અને(એ) મુકિતથી દૂર ચાલ્યો જશે. આ અહંકારને દૂર કરવાને માટે જ કમાય છે એનો થોડોક હિસ્સો સમાજમાં વહેંચ. પુરાણી ભાષામાં કહેતા - સમવિભાગ કર. એટલે કે દાન કર.

તો આ બે વાત જો ગૃહસ્થ શીખી લે તો એની સમ્યક્ આજીવિકાનો રસ્તો શરૂ થઇ ગયો. આરંભ થઇ ગયો. એ ધીરે ધીરે આગળ વધતો જશે. આ ત્રણે ત્રણ - सम्मावाचा, सम्माकम्मन्तो, सम्माआजीवो હોય તો સમજો કે ધર્મનું પહેલું અંગ - આપણું શીલનું અંગ પુષ્ટ થઇ રહ્યું છે, પુષ્ટ થઇ રહ્યું છે. આગળ વધતાં વધતાં બાકીના અંગોને પણ પુષ્ટ કરીશું અને મંગલ સાધી લઇશું. ખૂબ મંગલ સાધી લઇશું. અરે, શુધ્ધ ધર્મના રસ્તે જે ચાલે, જે પણ ચાલે એના જીવનમાં મંગલને મંગલ જ. એના જીવનમાં કલ્યાણને કલ્યાણ જ. એના જીવનમાં સ્વસ્તિને સ્વસ્તિ જ. એના જીવનમાં મુકિતને મુકિત જ.

કલ્યાણમિત્ર

- સત્ય નારાયણ ગોયન્કા

**ક્ષમા યાચના**

**ગતાંકના પૃષ્ઠ ૨, ૩, ૪ પર કેટલીક સામગ્રીમાં પુનરાવર્તન દોષ તથા મુદ્રણ દોષ થયેલ છે. જેથી આપને વાંચનમાં રસક્ષતિ થઇ હશે. ઉપર્યુક્ત ચૂક માટે અમો ક્ષમાપ્રાર્થીએ છીએ. સંબંધિત લેખ આ અંકમાં યથોચિત રૂપે પ્રકાશિત કરેલ છે.**

# બુધ્ધ અને ધર્મ
## (૫)

કોઈ પણ બુધ્ધના ઉપદેશનું પહેલું ડગલું શીલ-સદાચારથી આરંભ થાય છે અને શીલનું પણ પહેલું ડગલું पाणातिपाता वेरमणी सिक्खापदं થી આરંભ થાય છે. પહેલું જ ઉપદેશપદ છે કે પ્રાણીનું પ્રાણહરણ કરવાના દુષ્કર્મથી વિરત રહો એટલે કે પ્રાણીહત્યાથી બચો. સર્વહિતકારી, સર્વજનીન ધર્મનું અહિંસામૂલક પહેલું ડગલું જ એટલું પ્રભાવશાળી છે કે એને જ પૂરી રીતે સમજીને પાલન કરી લઇએ તો સંપૂર્ણ ધર્મ પળાઈ જાય છે. સાચે જ, અહિંસા કોઈ પણ બુધ્ધના ઉપદેશનો પ્રાણ છે.

અહિંસાનો બહુ સ્થૂળ અર્થ છે - ''જાણીબૂઝીને કોઈ પ્રાણીનું હનન (હત્યા) ન કરવું'' આ બહુ સંક્ષિપ્ત અર્થ છે, જ્યાંથી કામ શરૂ કરાય છે.

धर्म समासतो अहिंसा वर्णयन्ति तथागता પરંતુ આ સમાસને એટલે કે સંક્ષિપ્તને જ સંપૂર્ણ માની લેશે તો સાધક ભટકવા લાગશે. બીજી બાજુ, આ પ્રારંભિક સંક્ષિપ્ત પગલું જ નહિ ઉપાડે તો ધર્મના ક્ષેત્રમાં અનાડી (अनरियो अर्थात् अनार्य) જ રહી જશે.

न तेन अरियो होवि येन पाणानि हिंसति ।

अहिंसा सब्ब पाणानं अरियो'ति पवुच्चति ।

કોઈપણ બુધ્ધના ઉપદેશમાં હિંસક જ અનાર્ય છે અને અહિંસક જ આર્ય.

અહિંસાનું પહેલું ડગલું ભરવાને માટે કાયિક સંવર (સંયમ) અનિવાર્ય છે.

अहिंसको ये मुनयो निच्चं कायेन संवुता એ મુનિઓ અહિંસક છે, જે નિત્ય કાયામાં સંવરશીલ (સંયમી) રહે છે. પરંતુ જો સમજદાર હશે તો પ્રાણીહિંસાથી વિરત રહેવાના આ પહેલા પગલા પર જ અટકીને નહિ રહે. એ ખૂબ સમજશે કે કેવળ पाणातिपात જ નહિ બલ્કે કાયા દ્વારા કરાએલું પ્રત્યેક કર્મ જે કોઈ પ્રાણીનું અહિત કરે છે, એને પીડિત કરે છે તે હિંસા જ છે. જેમકે, કોઈ અન્ય વ્યક્તિની વસ્તુ ચોરવી, લૂંટવી, છીનવી લેવી, આંચકી લેવી, અપનાવી લેવી એ હિંસા જ છે. શરીર દ્વારા કામસંબંધી મિથ્યા આચરણ (અર્થાત વ્યભિચાર) કરવું તે હિંસા જ છે, વાણી દ્વારા જૂઠ બોલીને કોઇને ઠગવું; કટુ, કડવી, નિંદા-ચુંગલીની વાણી બોલવી એ હિંસા જ છે. આજીવિકામાં પણ મિથ્યાચરણ છે તો હિંસા જ છે. જેમ કે ગૃહત્યાગી હોય અને પોતાના ગૃહસ્થ દાયકો (દાતાઓ) ને પોતાની સાચી ખોટી ઉપલબ્ધિઓનો મિથ્યા દેખાવ કરીને એમની પાસેથી લાભ-સત્કાર પ્રાપ્ત કરે તો હિંસા જ છે. ગૃહસ્થ છે તો પોતાના અન્નદાતા ગ્રાહકને ખાદ્યપદાર્થ, દવાઓ અથવા અન્ય ઉપભોક્તા-વસ્તુઓમાં ભેળસેળ કરીને અથવા તોલ-માપ આદિમાં કમી કરીને ઠગવો તે હિંસા જ છે. દુષ્કાળની તંગીના સમયે પોતાના ધન-બળ દ્વારા સંગ્રહ-સંચય કરી લેવો અને પછી લોભને વશીભૂત થઈ ઊંચી કિંમતે વેચીને ઉપભોક્તાઓને પીડિત કરવા તે હિંસા જ છે.

આ પ્રકારની બધી કાયિક અને વાચિક હિંસાઓથી વિરત રહેવું એ કોઈ પણ બુધ્ધની અહિંસાનું આગલું મહત્ત્વપૂર્ણ ડગલું છે શરીર અને વાણીને સંયત કરીને, કોઈપણ પ્રાણીનું દિલ ન દુઃખવવું એ અહિંસા છે, કોઇનું અહિત અમંગલ ન કરવું એ અહિંસા છે. પરંતુ કોઈ વ્યક્તિ મનમાં પણ કોઇને પીડિત કરવાનો ભાવ જગાડે છે અને પરિણામતઃ કોઈ અન્યના પ્રતિ દૂષિત ચિત્તના તરંગો પ્રેષિત કરે (મોકલે) છે તો પણ હિંસા જ કરે છે. જયારે જયારે મનમાં હિંસાના ભાવો જગાડે છે ત્યારે પોતાની જાતને પીડિત જ કરે છે. જે ચિત્તને મેલું કરીને પોતાનું અમંગળ કરે, પોતાની જાતને પીડા પહોંચાડે તે હિંસા જ કરે છે.

આનાથી બચવાને માટે ધ્યાન સાધનાનો આ માર્ગ છે જેથી મન પર પણ સંવર (સંયમ) થાય અને अविहिंसा वितर्क એટલે કે ચિંતન-મનન જનક હિંસાથી પણ વિમુકત થાય. આનું બુધ્ધના ઉપદેશમાં ગંભીર મહત્ત્વ છે. મનમાં ક્રોધ, દુર્ભાવના, ઈર્ષા, માત્સર્ય (અસૂયા), અભિમાન, આદિ વિકાર જગાડે છે, તો હિંસા જ કરે છે. એનાથી વિરત રહેવાને માટે મન પર સંવર કરે છે તો અહિંસા વધુ પુષ્ટ થાય છે. પરંતુ હજુ અંતર્મનનાં ઊંડાણમાં,

ભવંગધારામાં અનેક જન્મોથી સૂતેલા, અનુશય વિકાર અકબંધ છે, તૃષ્ણા અકબંધ છે, ઉપાદાન (આસક્તિ) અકબંધ છે. ભીતરને ભીતર આસવનું (ચિત્તના મેલનું) વહેણ વહેતું રહે છે. તો એને દૂર કરવાને માટે વિપશ્યના સાધના દ્વારા એની ઉદીર્ણા-નિર્જરા કરીને, એનો ક્ષય કરીને બધા વિકારોથી મુકત થઈ જાય છે તો વીતરાગ અર્હંત થઈ જાય છે. ત્યારે અહિંસા પોતાની પૂર્ણતા પર પહોંચી જાય છે. કેમકે એણે કેવળ દશ્ય પ્રાણીની હિંસાથી વિરત રહેવાનું જ ન વિચાર્યું, બલ્કે કાયાનો સંવર કરીને વાણી અને મનનો પણ સંવર કર્યો, આખું માનસ ઊંડાણ સુધી નિર્મળ થઈ ગયું. નિર્મળ ચિત્ત પોતાના સ્વભાવથી મૈત્રી, કરુણા મુદિતા અને ઉપેક્ષાના ઉદાત્ત ભાવોથી ભરેલું રહેવા લાગ્યું. હવે મનમાં કોઈ વિકાર જાગતો જ નથી. ચિત્તધારા પર કોઈ વિકારનો ઉદય થતો જ નથી. સાચા અર્થમાં અનારંભી થઈ ગયો, તો સાચા અર્થમાં અહિંસક થઈ ગયો. એનો સંવર પરિપૂર્ણ થયો, એનો સંવર સાર્થક થઈ ગયો.

कायेन संवुता धीरा, अथो वाचाय संवुता ।
मनसा संवुता धीरा, ते वे सुपरिसंवुता ॥

કાયા વાણી અને મનનો સંવર કરે તો જ કોઈ વ્યક્તિ સારી રીતે પરિપૂર્ણ સંવર-સંપન્ન કહી શકાય છે.

સાધકને અહિંસાનું આખું ક્ષેત્ર સમજમાં આવે છે તો આ સંપૂર્ણ ક્ષેત્રની યાત્રા પૂરી કરે છે. કેમકે જાણી ગયો છે -

यो च कायेन, वाचाय, मनसा च न हिंसति ।
स वे अहिंसको होति, यो परं न विहिंसति ॥

સાચે જ આવી વ્યક્તિ જ પૂર્ણ અહિંસક હોય છે અને આવી વ્યક્તિ જ -

ये यन्ते अच्चुतं ठानं यत्थ गन्त्वा न सोचरे ।

અનિત્ય ભંગુર ઈન્દ્રિય ક્ષેત્રમાંથી છુટકારો પામતાં પામતાં પેલી ઈન્દ્રિયાતીત અવસ્થાનો આ જીવનમાં સાક્ષાત્કાર કરી લે છે કે જે નિત્ય છે, શાશ્વત છે, ધ્રુવ છે, અજર છે, અમર છે, અવિનાશી છે, શિવ છે, અચ્યુત છે, નિર્વાણ છે. જ્યાં પહોંચીને બધી શોક-ચિંતાઓમાંથી મુક્તિ મળી જાય છે. કેમકે વીતરાગતામાં પૂર્ણ પ્રતિષ્ઠિત થઈ જાય છે, પૂર્ણ અહિંસક થઈ જાય છે.

આમ દશ્ય પ્રાણી પ્રત્યે મૈત્રીનો ભાવ રાખીને એની હત્યા ન કરતાં અહિંસાનું પહેલું ડગલું ભરનાર મુમુક્ષુ દશ્ય, અદશ્ય, નાનાં-મોટાં, સમીપનાં - દૂરનાં, મનુષ્ય-મનુષ્યેતર બધાં પ્રાણીઓ પ્રત્યે અનંતમૈત્રીથી આપ્લાવિત થઈને અહિંસાની પૂર્ણતા પ્રાપ્ત કરી લે છે. શુદ્ધ ધર્મની પૂર્ણતાને પ્રાપ્ત કરી લે છે. આવી પૂર્ણ અહિંસક વ્યક્તિ ગમે તે જાતિ, કુળ, વર્ણ, ગોત્ર, સંપ્રદાય અને દેશ-કાળની હોય, પૂર્ણ ધર્મિષ્ઠ થઈ જાય છે.

સાધકો ! આવા જ ધર્મિષ્ઠ બનીએ. જાતીયતા, સાંપ્રદાયિકતાની બેડીઓમાંથી મુક્ત થઈને સાચા ધર્મિષ્ઠ બનીએ અને પોતાનું કલ્યાણ સાધી લઈએ.

કલ્યાણમિત્ર
સત્યનારાયણ ગોયન્કા

- **ધમ્મસિંધુ - માંડવી (કચ્છ) :** કચ્છ વિપશ્યના કેન્દ્ર, ગામ-બાડા, તા. માંડવી-૩૭૦૪૭૫. ફોન : ૦૨૮૩૪-૨૭૩૬૧૨, ૦૨૮૩૨-૨૫૨૧૮
- **ધમ્મકોટ-રાજકોટ :** સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર, કોઠારિયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨. ફોન : ૦૨૮૧-૨૭૮૨૦૪૦, ૯૩૨૭૯ ૨૩૫૪૦
- **ધમ્મપીઠ - અમદાવાદ :** ગુર્જર વિપશ્યના કેન્દ્ર, ગામ : રનોડા, તા. ધોળકા, જિ.અમદાવાદ-૩૮૭૮૧૦ ફોન : ૦૨૭૧૪-૨૨૨૪૭૩, ૦૭૯-૨૨૧૭૧૧૭૮
- **ધમ્મ દિવાકર** - મહેસાણા : ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર, ગામ : મિઠા તા. જિ. : મહેસાણા. ફોન : ૦૨૭૬૨-૨૭૨૮૦૦, ૨૫૪૬૩૪.

## દોહા ધરમના

શીલ વિહારી હૈ વહી, સદાચાર-યુત હોય ।
કાયા વાણી ચિત્ત કે, કર્મ ન દૂષિત હોંય ॥

સરિતા શીતલ શીલ કી, વાણી કાય સમાય ।
માનવ જીવન ધન્ય હો, મંગલ સે ભર જાય ॥

જો ચાહે અપના કુશલ, જો ચાહે સુખ મીત ।
રાખ સદા સંયત વચન, યહી શાંતિ કી રીત ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ની મંગળકામનાઓ સાથે

## દોહા ધરમના

વાણી અમૃત રસ ભરી, વાણી કુટિલ કૃપાણ ।
મીઠી કડવી વાણિયાં સુખ કી દુખ કી ખાન ॥

અકુશલ કર્મો સે બચે, કુશલ હોંય સબ કામ ।
પાએ પદ નિર્વાણ કા, જહાં ન દુખ કા ધામ ॥

હો સમ્યક આજીવિકા, હોવે કુશલ પ્રવીણ ।
કર્મઠ હોવે કર્મરત, તો ના હોવે દીન ॥

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલકાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ની મંગળકામનાઓ સાથે

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાનઃ નાઈસ આર્ટ, 'મુક્તિરામ કોમ્પલેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧ ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.)રાજકોટ સિટી ઓફિસ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

વિપશ્યના ૨ ફેબ્રુઆરી, ૨૦૦૭

આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

| | |
|---|---|
| ચાર વર્ષનું લવાજમ | : રૂ. ૧૦૦/- |
| વાર્ષિક લવાજમ | : રૂ. ૩૦/- |

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month,
Posted at Rajkot - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
3-A, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે,
માલવિયા ચોક, રાજકોટ. ફોન : ૨૨૩૩૧૯૦
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
email : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org